Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૧૯
તા.૧૫-૦૯-૨૦૧૭, શુક્રવાર
સંવત ૨૦૭૩ ભાદરવા વદ - ૧૦
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૨૮ સૂર્યાસ્ત : ૦૬:૪૩

તાપમાન
ડીસા ૩૬.૬
અમદાવાદ ૩૭.૨
ગાંધીનગર ૩૩.૫
વડોદરા ૩૬.૦
સુરત ૩૬.૬
નલિયા ૩૨.૭

ચાંદી : ૪૦,૭૦૦ સોનું : ૩૦,૭૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેકસ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

ગતિની સાથે રોજગારીની બુલેટ : મોદી

શિન્ઝોની ભારતીય સ્ટાઈલ : નમસ્કાર અને ધન્યવાદ : જાપાને ૦.૦૧ ટકાના વ્યાજદરે કુલ ૮૮૦૦૦ કરોડની લોન આપીને પોતાની અભૂતપૂર્વ મિત્રતાની સાબિતી આપી છે : મુંબઈ થી અમદાવાદ વચ્ચે બુલેટ ટ્રેન

मुंबई-अहमदाबाद हाई स्पीड रेल परियोजना का भ
GROUND BREAKING CEREMONY OF MUMBAI - AHMEDABAD
श्री नरेंद्र मोदी
प्रधान मंत्री
Shri Narendra Modi
Prime Minister
&
एवं
Prime Minister - Japan

બુલેટ ટ્રેન પ્રોજેક્ટનુ ભૂમિ પુજન કરાયુ : પાંચ જ વર્ષમાં ટ્રેન દોડતી થશે

અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જાપાનના વડાપ્રધાન શિન્ઝો આબેએ આજે ઐતિહાસિક અને મહાકાય મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનુ ભૂમિ પુજન કર્યું હતું. આની સાથે જ દેશની વિકાસની યશકલગીમાં વધુ એક મોરપીછું ઉમેરાઈ ગયું હતું. ભારતીય રેલવેમાં પણ એક નવી ક્રાંતિ આવવાના સંકેત દેખાઈ રહ્યા છે. આ પ્રોજેક્ટને ભૂમિ પૂજન બાદ વર્ષ ૨૦૨૨ સુધી પરિપૂર્ણ કરી લેવામાં આવશે અને વર્ષ ૨૦૨૨માં બુલેટ ટ્રેનને દોડતી કરી દેવામાં આવશે. ૫૦૮ કિલોમીટરના રુટના નિર્માણ પણ એક લાખ કરોડથી વધુની રકમ ખર્ચ થનાર છે. જયારે ભારતે સ્વતંત્રતાની ૭૫મી વર્ષગાંઠ મનાવશે ત્યારે દેશની પ્રથમ બુલેટ ટ્રેન પણ પોતાની સીટી વગાડી દેશે. બુલેટ ટ્રેન ચલાવવા માટે ૧૪મી સપ્ટેમ્બરના દિવસે એટલે કે આજે શિલાન્યાસવિધિ પૂર્મ કરી લેવામાં આવી હતી. આની સાથે જ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ સ્ટેશનના નિર્માણની કામગીરી શરૂ થઈ છે.

અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાપાની વડાપ્રધાન શિન્ઝો અબે સાથે મળીને ભારતની પ્રથમ હાઈસ્પીડ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું ભૂમિ પૂજન કર્યા બાદ કહ્યું હતું કે, ભારતીય પરિવહનના ક્ષેત્રમાં એક ઐતિહાસિક દિવસ આવી ગયો છે. બુલેટ ટ્રેનના નામથી લોકપ્રિય આ પ્રોજેક્ટની આધારશીલા મુક્યા બાદ મોદીએ કહ્યું હતું કે, બુલેટ ટ્રેન એક પ્રકારથી મફતમાં ભારતને મળી રહી છે. મોદીએ આના માટે અને ખાસ કરીને જાપાની વડાપ્રધાન શિન્ઝો અબેનો આભાર માન્યો હતો. મોદીએ કહ્યું હતું કે, શિન્ઝોની અંગત ભાવનાના પરિણામ સ્વરુપે આ પ્રોજેક્ટ હવે અમલીકરણની દિશામાં આગળ વધશે. મોદીએ કહ્યું હતું કે, જ્યારે કોઈ વ્યક્તિ કોઈ ચીજ ખરીદે છે ત્યારે એક એક પૈસાનો હિસાબ કરવામાં આવે છે. કોઈ એક બાઈક ખરીદવામાં આવે છે તો ૧૦ બેંકોમાં ચક્કર લગાવે છે. કોઈ અડધા ટકા પણ વ્યાજ ઘટાડે તો ખુશીથી ઉજવણી કરવામાં આવે છે. કોઈ એવી વ્યક્તિ અથવા બેંક મળી શકે છે જે મફતમાં લોન આપી શકે અને એ પણ ૮૮૦૦૦ કરોડ રૂપિયાની લોન. મોદીએ કહ્યું હતું કે, ભારતને એવા જ શિન્ઝો અને જાપાની જેવા મિત્રો મળ્યા છે જે ભારતને ૦.૦૧ ટકાના દરે લોન આપવા તૈયાર છે. આ પ્રોજેક્ટ એક પ્રકારથી મફતમાં બનશે. મોદીએ ઉમેર્યું હતું કે જયારે તેઓએ બુલેટ ટ્રેનની વાત કરી ત્યારે લોકો પૂછતા હતા કે બુલેટ ટ્રેન ક્યારે આવશે અને હવે જ્યારે લાવવાની શરૂઆત કરી દેવામાં આવી છે ત્યારે લોકો પુછી રહ્યા છે કે, કેમ લાવવામાં આવી રહી છે. બુલેટ ટ્રેન જાપાન તરફથી ભારતને આપવામાં આવેલી એક ખુબ મોટી ભેંટ તરીકે છે. મોદીએ સાફ શબ્દોમાં કહ્યું હતુ કે, કોઈપણ દેશ અડધા સંકલ્પો અને સપનાને લઈને આગળ વધી શકે નહીં.

મોદી-શિન્ઝો વચ્ચે સફળ મંત્રણા થઇ : ૧૫ એમઓયુ પર હસ્તાક્ષર

અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જાપાની વડાપ્રધાન શિન્ઝો અબેએ આજે ખુબ જ મહત્વપૂર્ણ અને સફળ દ્વિપક્ષીય મંત્રણા યોજી હતી. બંને નેતાઓ વચ્ચે યોજાયેલી આ બેઠકમાં વિવિધ પ્રશ્નો ઉપર ચર્ચા કરવામાં આવી હતી જેમાં આતંકવાદનો પણ સમાવેશ થાય છે. બંને વચ્ચે ચર્ચા કરવામાં આવ્યા બાદ સંયુક્ત નિવેદન પણ જારી કરવામાં આવ્યું હતું. મોદી અને અબેની ઉપસ્થિતિમાં ૧૫ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્ય હતા. સાથે સાથે સંયુક્ત નિવેદન પણ જારી કરાયું હતું. આજે સૌથી પહેલા હાઈસ્પીડ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું ભૂમિપૂજન કરાયું હતું ત્યારબાદ બેઠકોનો દોર શરૂ થયો હતો. અબે અને નરેન્દ્ર મોદી વચ્ચે મંત્રણા યોજાઈ હતી જેમાં બંને દેશોના સંબંધોને નવી ઉંચાઈ ઉપર લઈ જવાની વાત કરવામાં આવી હતી. ભારત જાપાન વાર્ષિક સમિટ મહાત્મા મંદિરમાં યોજાઈ હતી જેમાં બંને દેશો અનેક મુદ્દા પર સહમત થયા હતા.

વિચાર વૈભવ...

'મારા પપ્પા પણ કમાલ કરે છે'

'કેમ શું થયું?'

'મેં પુસ્તકો ખરીદવા પૈસા મંગાવ્યા હતા'

'એમણે પૈસા ના મોકલ્યા?'

'ના'

'તો?'

'એમણે પુસ્તકો જ મોકલી આપ્યા!'

માણસ એમ માની બેઠો છે કે જીવનના મોટાભાગના દુઃખો ઈચ્છાની નિષ્ફળતાને આભારી છે. પણ હકીકત એ છે કે મોટા ભાગનાં દુઃખો મલિન ઈચ્છાની સફળતાને આભારી છે. ક્રોધના સેવનમાં મળી જતી સફળતા સુખનો અનુભવ કરાવી શકે? અશક્ય. દુશ્મનને પતાવી દેવાના પ્રયાસમાં મળી જતી સફળતા મસ્તીનો અનુભવ કરાવી શકે? અશક્ય. એક જ કામ આપણે કરવા જેવું છે. ઈચ્છાને સફળ બનાવવાના પ્રયાસો નહીં પણ ઈચ્છાને નિર્મળ બનાવવાના પ્રયાસો! શું કહું? આપણી પાસે ઈચ્છાની મલિનતા છે. પ્રભુ પાસે આપણા માટેની ઈચ્છાની નિર્મળતા છે. પ્રભુને આપણો કેસ સોંપી ન દઈએ?

શ્રીમદ્ વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ

સાર સમાચાર...

યમુના નદીમાં નૌકા પલટી જતા ૨૦ લોકોના મોત

બાગપત

ઉત્તરપ્રદેશના બાગપત જિલ્લામાં યમુના નદીમાં નૌકા ઉંઘી વળી જતા ઓછામા ઓછા ૨૦ લોકોના મોત થયા છે અને મોટી સંખ્યામાં લોકો ડુબી ગયા છે. અન્ય ડુબી ગયેલા લોકોને શોધી કાઢવાની કામગીરી ચાલી રહી છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે આ નૌકામાં ૬૦ લોકો મુસાફરી કરી રહ્યા હતા. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. હજુ સુધી ૨૦ લોકોના મૃતદેહો હાથ લાગ્યા છે. બીજી બાજુ બાગપતના ડીએમે માહિતી આપતા કહ્યુ છે કે નૌકા દુર્ઘટનામાં હજુ સુધી એક વ્યક્તિના મોતની માહિતી મળી છે. મોતને લઈને વિરોધાભાસી હેવાલ હજુ સુધી મળી રહ્યા છે. પોલીસે તમામ નિષ્ણાત લોકોનુ મદદ બચાવ કામગીરી માટે લીધી છે. નૌકા બનાવના કારણે ઘાયલ થયેલા અને બચાવી લેવામાં આવેલા તમામ લોકોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડી દેવામાં આવ્યા છે.બાગપત જિલ્લા હોસ્પિટલમાં અને ગંભીર રીતે ઘાયલ લોકોને મેરઠ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે આ સમગ્ર બનાવ અંગે દુખ વ્યકત કર્યુ હતુ. સાથે સાથે વળતર આપવાની પણ જાહેરાત કરી હતી.

ડીસા અને અંબાજીમાં ભારે વરસાદી ઝાપટું

બફારા અને ઉકળાટથી ત્રસ્ત પ્રજાને હાશકારો

ભરત સુંદેશા

ડીસા

ડીસા, અમીરગઢ અને અંબાજીમાં ભાદરવા મહીનાની આકરી ગરમી વચ્ચે બપોર બાદ અચાનક પલટાયેલા હવામાનના પગલે ભારે વરસાદી ઝાપટું પડયું હતું. તેથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ઉઠતા આમ પ્રજાને હાશકારો અનુભવ્યો હતો.

સરહદી જિલ્લામાં જુલાઈ મહિનાની ઉત્તરાર્ધમાં અતિ ભારે વરસાદ ખાબકયો હતો. એ પછી પણ ભારે વિલંબ લઈ લીધો હતો. તેમાં પણ છેલ્લા પખવાડીયાથી આકાશમાંથી વાદળાં વિખેરાઈ જતાં ચોમાસાની વિદાયના અણસાર વર્તાવા લાગ્યા હતા પરંતુ હવામાન વિભાગ સહિત જયોતિષકારોએ દિવાળી સુધી વરસાદ પડવાની આગાહી કરેલી છે. જ્યારે ગઈકાલથી સતત ત્રણ દિવસ વરસાદની કરેલી આગાહી વચ્ચે ગઈકાલે ડીસા,

અનુસંધાન પાના નં.૬

વાવના દૈયપ ગામના યુવાનનું સ્વાઈન ફ્લૂથી મોત

તા.પ્રતિનિધિ વાવ

સ્વાઈન ફ્લૂએ સમગ્ર ગુજરાતમાં હાહાકાર મચાવી દેતાં ભલે સરકાર સ્વાઈન ફ્લૂ કાબુ હોવાની પોકળ વાતો કરતી હોય પણ હવેતો છેક છેવાડાના ગામ સુધી પગ પેશારો સ્વાઈન ફ્લૂએ કરતાં લોકો ચિંતાતુર બન્યા છે વાવ તાલુકાના દૈયપ ગામના વેણ બબાભાઈ ખાનાભાઈ ઉંમર આશરે ૪૨ ને એક અઠવાડિયા પહેલા તાવ આવતાં આરવાર અર્થ થરાદ તેમજ પાલનપુર ખસેડતાં સારવાર દરમ્યાન સ્વાઈન ફ્લુનો પોઝીટીવ રિપોર્ટ આવતાં વધુ સારવાર અર્થ ધારપુર પાટણ હોસ્પિટલ ખસેડવામાંઆવ્યો આવતાં સારવાર દરમ્યાન ગુરૂવાર ના રોજ બબાભાઈનું મુત્યુ મામ્યુ હતું નાના નાના પાંચ બાળકોના પિતાની છત્ર છાયા ગુમાવી હતી.

અમરનાથ હુમલાનો ભેજાબાજ અબુ ઇસ્માઇલ અંતે ઠાર કરાયો

પોલીસ-સુરક્ષા દળોને મોટી સફળતા હાથ લાગી

શ્રીનગર

સુરક્ષા દળોને આજે મોટી સફળતા હાથ લાગી હતી. ભીષણ અથડામણમાં અમરનાથ યાત્રી ઉપર કરવામાં આવેલા હુમલામાં માસ્ટર માઈન્ડ રહેલો કુખ્યાત ત્રાસવાદી અબુ ઈસ્માઈલ આજે ઠાર થયો હતો. કાશ્મીરમાં સક્રિય રહેલા તોઈબાના આ ત્રાસવાદી અબુ ઈસ્માઈલ દ્વારા જ અમરનાથ યાત્રીઓ ઉપર હુમલા માટેની ખતરનાક યોજના ઘડી કાઢવામાં આવી હતી. શ્રીનગરના પરા વિસ્તારમાં નવગામના આરી બાગ વિસ્તારમાં સુરક્ષા દળો સાથે અથડામણમાં આ ત્રાસવાદી ઠાર થયો હતો. તેની સાથે તેનો નજીકનો સાગરિત પણ ઠાર થયો હતો. જમ્મુ કાશ્મીરના પોલીસ અધિકારીઓના કહેવા મુજબ પોલીસ અને સુરક્ષા દળોની આ ખુબ મોટી સફળતા છે.

ડીસા મુકામે વિ.જે.પટેલ શાક માર્કેટયાર્ડમાં આવેલ ડીસા તાલુકા સહકારી ખરીદ - વેચાણ સંઘ લિ., ડીસાના પ્રથમ માળના ધાબા ઉપર બાંધકામ કરેલ દુકાનોની જાહેર હરાજી

આથી નિયંત્રીત જણસીઓ તેમજ નિયંત્રીત જણસીઓ સિવાયના વેપાર કરવામાં રસ ધરાવતા ઈસમોને જણાવવામાં આવે છે કે, ડીસા મુકામે ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ડીસા સંચાલિત વિ.જે.પટેલ શાક માર્કેટયાર્ડ ડીસામાં આવેલ ધી ડીસા તાલુકા સહકારી ખરીદ - વેચાણ સંઘ લિ., ડીસાના પ્રથમ માળના ધાબા ઉપર બનાવેલ દુકાન નં.૧ થી ૧૮ ની જાહેર હરાજી તા.૨૫/૦૯/૨૦૧૭ ને સોમવારના રોજ સવારે ૧૦-૦૦ કલાકે ધી ડીસા તાલુકા સહકારી ખરીદ - વેચાણ સંઘ લિ. ડીસાની મુખ્ય ઓફીસ મુકામે રાખવામાં આવેલ છે. હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા ઈસમોએ નિયત અરજી ફોર્મ સાથે દુકાન માટેની ડીપોઝીટ રૂા.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) રોકડા હરાજી શરૂ થાય તે પહેલા ધી ડીસા તાલુકા સહકારી ખરીદ - વેચાણ સંઘ લિ. ડીસામાં ભરપાઈ કરવાના રહેશે. દુકાન નં. ૧ થી ૧૮ ની જાહેર હરાજીમાં ભાગ લેવા માટેની અરજી ફોર્મ રૂા.૧૦૦/- રોકડા ભર્યેથી જાહેર રજાના દિવસો સિવાય ઓફીસ સમય દરમ્યાન ધી ડીસા તાલુકા સહકારી ખરીદ - વેચાણ સંઘ લિ. ડીસાની કચેરીએથી મળી શકશે.

હરાજી અંગેની શરતો રૂબરૂ સ્થળ ઉપર વાંચી, સંભળાવવામાં આવશે.

ઉપરોક્ત હરાજીમાં આવેલ બોલી મંજુર કરવી કે નહી તેનો સંપૂર્ણ હક્ક ચેરમેનશ્રી ધી ડીસા તાલુકા સહકારી ખરીદ - વેચાણ સંઘ લી. ડીસાને અબાધિત રહેશે. જે તમામને બંધનકર્તા રહેશે.

શ્રી ઈશ્વરભાઈ એલ. દેસાઈ
મેનેજર

શ્રી દશરથભાઈ કાળુભાઈ ખટાણા
ચેરમેન

ધી ડીસા તાલુકા સહકારી ખરીદ - વેચાણ સંઘ લિ. ડીસા
મુ.ડીસા, તાલુકો - ડીસા, જિ.બનાસકાંઠા
ઠે. વિ.જે.પટેલ શાક માર્કેટયાર્ડ, મેડા ઉપર ડીસા
ટેલીફોન નંબર - ૦૨૭૪૪ - ૨૨૦૩૦૨, ૨૨૧૬૩૯

વાસણા ગામે લોક સંપર્ક દરમ્યાન...

વડગામના ધારાસભ્ય ઉપર ઈંડા ફેંકાતા ચકચાર

ધારાસભ્યની કામગીરી સામે કાર્યકરો અને આમ જનતા નારાજ હોવાનો સુર

પ્રતિનિધિ છાપી

બનાસકાંઠા જિલ્લાના વડગામના ધારાસભ્ય સામે પાર્ટી માં જ અસંતોષ હોવાનું બહાર આવતા ધારાસભ્ય દ્વારા ગુરૂવારથી શરૂ કરાયેલ લોક સંપર્ક દરમ્યાન નારાજ કાર્યકર્તાએ જાહેરમાં ધારાસભ્ય ઉપર ઈંડા ફેંકતા સમગ્ર જિલ્લાંમાં ચકચાર મચી જવા પામી છે. વડગામ તાલુકાના કોંગ્રેસના ધારાસભ્ય મણીલાલ વાઘેલાએ ૨૦૧૭ની વિધાન સભાની ચૂંટણીનું રણશીંગુ ફૂકવા સાથે તાલુકાના ગામોના મતદારો તેમજ આગેવાનો સાથે બેઠકો યોજવાનો કાર્યક્રમ ગુરૂવારથી શરૂ કર્યો હતો દરમ્યાન તાલુકાના વાસણા (સેંભર) ગામમાં આવેલ ડેરીમાં મતદારો તેમજ આગેવાનો સાથે બેઠક યોજી બહાર નિકળી રહ્યા હતા તે દરમ્યાન નારાજ લઘુમતિ સમાજના કાર્યકરોના એક ટોળા દ્વારા ધારાસભ્ય ઉપર ઈંડા મારી કહ્યું હતું કે આજ આવ્યા તે આવ્યા હવે

અનુસંધાન પાના નં.૬

ધારાસભ્ય વિરૂધ્ધ બેઠક

પ્રાપ્ત વિગતો મુજબ તાલુકા મથક વડગામ ખાતે આગામી તારીખ ૧૭/૯/૨૦૧૭ના રોજ વડગામ કોંગ્રેસના અસંતુષ્ટોની એક બેઠકનું આયોજન કરવામા આવ્યું છે. જેમાં ગામે ગામથી આગેવાનો હાજર રહેશે અને વર્તમાન ધારાસભ્યની ઉમેદવારીનો વિરોધ કરાશે જયારે આ બેઠક બાદ છાપી ખાતે એક મોટી રેલી યોજવાનું આયોજન પણ આ બેઠકમાં નક્કી કરવાનું જાણવા મળે છે.

ભાભર નજીક ટ્રેન નીચે પડતુ મુકી યુવકનો આપઘાત

તા.પ્રતિનિધિ ભાભર

ભાભર નજીક રેલ્વે ટ્રેન નીચે પડતુ મુકીને બલોધણ ગામના એક યુવકે આપઘાત કરીને મોતને વ્હાલુ કરતા અરેરાટી સાથે ચકચાર મચી છે. ભાભર તાલુકાના બલોધણ ગામનો યુવક રમેશ ગોવાજી ઠાકોર (ઉ.વ. આ.૨૫) ભાભર ખાતે રહેતો હતો. ગુરૂવારની વહેલી સવારે અગમ્ય કારણસર આ યુવકે ભાભર- મીઠા વચ્ચે પસાર થતી રેલ્વે ટ્રેન

અનુસંધાન પાના નં.૬

ગતકડું....

- દેવન વ્યાસ



મને નથી લાગતું કે, બા તારા હાથે બનાવેલી ''કાગવાસ'' આરોગે....!!!